
એક મહામંગલ યોગ : સાલમુબારક



ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

આ મંગળવારે વિશાખા નક્ષત્રમાં, ચંદ્ર વૃશ્ચિક રાશિમાં નૂતન સંવત્સર કાળયુક્તના પ્રારંભ સાથે વિક્રમ સંવત ૨૦૮૩ નો સૂર્યોદય થશે અને 'સાલમુબારક'નો મંગલધ્વનિ ગુંજીત થશે. નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ એકબીજાને પરસ્પર આપવા માટે જનમેદની ઉત્સાહિત થઈ ગઈ છે.

બુધવારે કારતક બીજ, ભાઈબહેનના પવિત્ર પ્રેમનો પાવન તહેવાર, ભાઈબહેનના સગપણને ઉજાગર કરે છે. બહેન, બનેવી, ભાણેજ, ભાણીઓનું સન્માન, ભેટ સોગાદોથી એકબીજાનો સત્કાર દરેકને ત્યાં થાય છે. ભારતીય સંસ્કાર સંસ્કૃતિની આ લાક્ષણિક પરંપરા છે. ભાઈ દૂર અંતરે હોય કે ભાઈનું સુખ ના હોય તો બેન ચંદ્રની પૂજા કરીને ચંદ્રની આરતી કરીને આનંદ માણે છે અને ચંદ્રદેવ બેનની લાગણી જોઈને સુખ સૌભાગ્યના આશિષ આપે છે. લાભપાંચમના દિવસે ઘણા પરિવારો પ્રવાસે ઊપડે છે, દેવદર્શન અને તીર્થસ્નાન કરે છે અને પ્રાપંચિક સુખનો લાભ મેળવે છે. લાભપાંચમ મનુષ્યને અનેક રીતે લાભકારી બને છે, સાંસારિક સુખ, વ્યાવસાયિક સુખ, શૈક્ષણિક સુખ, સામાજિક સુખ વગેરેનો સાત્ત્વિક આનંદ માણસ મેળવે છે. અને આ નૂતન વર્ષારંભમાં જ ગુજરાતના રામભક્ત સંત જલારામ ભગતની પવિત્ર જયંતી આવે છે. તા- ૧૬/૧૧/૨૬ સોમવારે બાપા જલારામ જયંતીનો પવિત્ર પાવન દિવસ છે. શ્રી સંત સ્વામી સમર્થ ગુરુએ મહારાષ્ટ્રમાં અક્કલકોટ નગરને ધર્મક્ષેત્ર અને અન્નધામ બનાવ્યું. સંત સાંઈ બાબાએ શિરડી ગામને દિવ્ય ધર્મક્ષેત્ર અને અન્નધામ બનાવ્યું. તે પ્રમાણે જલારામ બાપાએ સૌરાષ્ટ્રના વીરપુરધામને દેશનું પવિત્ર ધર્મ ક્ષેત્ર અને અન્નછત્ર બનાવ્યું છે. સંત જલારામજીનો સંક્ષિપ્ત પરિચય આપવાનો પ્રયત્ન છે.

સંત જલારામનું નામ લેવાથી રામનામનો જપ થાય છે એટલે સંસારનું સાચું સુખ, સંતતિ, વૈભવ, આરોગ્ય, શાંતિ, વિદ્યા, વેપાર, પ્રામાણિકતા, સત્ય અને સમાધાન પ્રાપ્ત થાય છે.

પ્રધાન ઠક્કર અને રાજબાઈના બીજા પુત્ર રૂપે સંત જલાબાપાનો જન્મ કારતક સુદ સાતમના દિવસે સોમવારે થયો છે અને શ્રીરામના અભિજિત નક્ષત્રમાં એમનો ઉદય થયો છે. પિતાશ્રી પ્રધાન ઠક્કરની વીરપુર ગામે નાનકડી પણ ઉપયોગી ઘરગથ્થુ સામાનની દુકાન હતી. પ્રધાન ઠક્કર, રાજબાઈ અને પરિવાર સાધુસંતો અને યાત્રિકોને જોઈતી વસ્તુ આપતાં હતાં અને દાનધર્મ કરતાં હતાં. એવા જ પરોપકારી ગુણ જલારામમાં બાળપણથી જ ઊગ્યા હતા. એક વર્ષે મહાત્મા રઘુવીરદાસજી યાત્રા અર્થે વીરપુર આવ્યા તો તેમને પોતાના ફળિયામાં ઉતારો આપ્યો, સરસ રસોઈ બનાવીને જમાડ્યા અને રાજબાઈએ પોતાના પુત્ર બોધાને સાધુ મહાત્માના ચરણે ધરીને નમન કર્યું અને ત્રિકાળજ્ઞાની મહાત્માએ ભવિષ્યવાણી કરી, ''મૈયા! આ તમારો પ્રથમ બાળક પુત્ર ઉત્તમ સ્થિતિમાં રહેશે જ પણ તમારે ત્યાં બીજો દૈવી પુત્ર અવતરશે તે શ્રીહરિના મહાન ભક્ત તરીકે ઉભરી આવશે. એ રામજીના ભક્ત તરીકે દુખિયાંઓ તથા ભૂખ્યા જીવોનો બેલી બનશે.''

> મૈયા! આ તમારો પ્રથમ બાળક પુત્ર ઉત્તમ સ્થિતિમાં રહેશે જ પણ તમારે ત્યાં બીજો દૈવી પુત્ર અવતરશે તે શ્રીહરિના મહાન ભક્ત તરીકે ઉભરી આવશે

અને રાજબાઈને બીજો પુત્ર મળ્યો. ગોંડલ પાસેના વીરપુર ગામમાં ભક્ત બાપાશ્રી જલારામ અવતર્યા. બાળપણથી જ જલારામે શ્રીરામજીની આરાધના કરી. ભૂખ્યાને અન્ન આપવાનું શરૂ કર્યું. સર્વ સાથે સમભાવ અને સેવાકાર્યને મહત્ત્વ આપ્યું. પોતે ખેતરમાં કામ કરીને પોતાનું ગુજરાન કર્યું. અન્ન પરબ્રહ્મ છે તેનું દાન મહાન દાન અવશ્ય કરવું. અમરેલીના શ્રી ભોજલરામજીને ગુરુ બનાવીને ગુરુભક્તિ કરીને શ્રીરામનો જપ કરીને અન્નદાનમાં તો 15 જાન્યુઆરી ૧૮૨૦ માં મોટું સદાવ્રત બાંધ્યું. સતત બે વર્ષ તીર્થાટન કરીને ભારતનાં સર્વ તીર્થસ્થાનોનાં દર્શન કર્યાં. જલારામને કાળુરામ નામે પુત્ર અને જમના નામે પુત્રી હતી. એ મહાન સંતે સંપૂર્ણ આયુષ્ય રામજપ અને સાધુસંત અને નિરાશ્રિતોની સેવા કરી છે.

પત્ની વીરબાઈ તા. 18-11-1878 માં વૈકુંઠવાસી થયાં અને શ્રી જલારામ બાપા તા. ૨૩-૦૨-૧૮૮૧ બુધવારે વૈકુંઠવાસી થયા. અપંગો અને અંધોને અન્નદાન એ મહત્ત્વની ઈશસેવા છે. જય જલારામ.

મોહથી મોહન



પંચામૃત
નીલાક્ષી પરીખ

મિત્રો, પૂ. ગુરુદેવની કૃપાથી 'મોહનો ક્ષય એટલે મોક્ષ' એ આપણે જોયું. જુઓ, મહાભારતમાં અંધ ધૃતરાષ્ટ્ર મોહનું પ્રતીક છે. મોહ અંધળો હોય છે, એમ કહેવાય છે! ધૃતરાષ્ટ્રનો પુત્ર પ્રત્યેનો મોહ કેવું પરિણામ સર્જે છે, તેનાથી આપણે જાણકાર છીએ જ. વળી, પતિવ્રતા પત્ની ગાંધારીએ પણ દેખતી હોવા છતાં આંખે પાટા બાંધ્યા છે. ગાંધારી મમતાનું પ્રતીક છે. મમતા પણ જાણે અજાણ બનાવે છે. મોહ અને મમતા આપણને સાચું દેખાડતાં નથી. આપણાં શાસ્ત્રો કેટલી સુંદર પ્રતીકાત્મક વાત કરે છે! એ સમજવા માટેની દૃષ્ટિ કેળવીએ.

જો આપણે મોહથી મોહન સુધી પહોંચવું હશે તો સંસારમાં રહેવા છતાં એમાં લપેટાયા વગર નિર્લેપભાવે રહેવાનું છે. જીવનમાં જો પ્રવૃત્તિ હશે તો ઘર-ગૃહસ્થમાં રહીને પણ કૃષ્ણની જેમ અનાસક્તિ રહેશે. માણસને વસ્તુ કે વ્યક્તિ નથી બાંધતી, પણ માણસને વ્યક્તિ કે વસ્તુ માટેની આસક્તિ બાંધે છે. પત્ની-પરિવાર બાંધે છે એમ માનીને જે ભાગે છે, તે બીજે બંધનમાં આવી જાય છે. પણ આ અનાસક્તિ કેળવી લીધી તો તમે જ્યાં છો ત્યાં મસ્તીથી રહેશો. પછી તમે સુવર્ણની દ્વારકામાં રહો, જંગલમાં રહો, બ્રહ્મચારી કે સંન્યાસી રહો, પણ અનાસક્ત છો તો જ્યાં રહેશો ત્યાં મસ્ત અને વ્યસ્ત રહેશો. કારણ કે ભક્તને ખબર છે કે તેનું સાચું ધન તેની ભક્તિ જ છે. ભક્ત સુદામા કૃષ્ણના મિત્ર છે. પૌંઆ લઈને મળવા ગયા છે. ગરીબ હોવા છતાં પ્રત્યક્ષ કંઈ માંગતા નથી અને ભગવાનને પણ પ્રત્યક્ષ કશું આપ્યું નથી. દ્વારકાથી પાછા ફરતાં સુદામા પત્નીને કહે છે કે શ્રીકૃષ્ણે પોતાને જ શ ન મળે એટલે છુપી રીતે આ પ્રસાદ પહોંચાડ્યો છે. આ પ્રસાદ સહુને મળે. સુદામા પોતે અલિપ્ત રહ્યા. કોઈ મોહ ન રાખ્યો. હંમેશાં પ્રભુનું કીર્તન ચાલુ જ રાખ્યું.

મોહનો ક્ષય એ જ મોક્ષ. પ્રેમ એટલે પ્રભુનો પ્રસાદ. મેવાડની મીરાંએ મહેલના વૈભવમાં રહીને પણ મોહનને ન વિસાર્યા અને પછી એ વૈભવ બાધક બન્યો તો ત્યાગી દીધો! ગોપીઓના કેન્દ્રમાં પણ કૃષ્ણ જ છે ને? ઘરનાં કામ કરતાં કરતાં પણ તેમનું ધ્યાન કૃષ્ણમાં જ છે.

આ વાતને ઊંડાણથી સમજવા જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંત શાહની 'કૃષ્ણની છબી' નામની પ્રસંગકથા સ્મૃતિપટ પર ડોકિયાં કરે છે.

ચાલતી ટ્રેનમાં એક ટિકિટ ચેકરને ડબ્બામાં પડેલી જૂની અને ઘસાઈ ગયેલી એક બેગ મળી. એણે આજુબાજુ પૂછીને બેગના માલિકની શોધ કરી, પણ માલિકની ભાળ ન મળી. એ બેગમાં કૃષ્ણની એક છબી હતી. છેવટે એણે બેગ ઊંચી કરીને બતાવીને પૂછ્યું, 'આ બેગ કોની છે?' એક વૃદ્ધ માણસ બોલ્યો, 'એ બેગ મારી છે!' ટિકિટ ચેકરે કહ્યું, 'સાબિતી આપવી પડશે!' પેલા વૃદ્ધે હસીને કહ્યું, 'સાહેબ, એમાં કૃષ્ણની છબી છે.'

ટિકિટ ચેકરે કહ્યું, 'કૃષ્ણની છબી તો કોઈ પણ રાખી શકે. તમે તમારી છબી કેમ ન રાખી?'

> માણસને વસ્તુ કે વ્યક્તિ નથી બાંધતી, પણ માણસને વ્યક્તિ કે વસ્તુ માટેની આસક્તિ બાંધે છે

વૃદ્ધે લાંબો નિસાસો નાખ્યો અને માંડીને વાત કરી. એણે બોલવાનું ચાલુ કર્યું, 'સાહેબ, મારી વાત ધ્યાનથી સાંભળો. મારા પિતાએ આ બેગ મને આપી હતી, ત્યારે હું નિશાળમાં ભણતો હતો. તે દિવસોમાં મને થોડીક રકમ પોકેટમની તરીકે મળતી હતી. એ વખતે મેં મારા માતા-પિતાની છબી આ બેગમાં રાખવાની શરૂઆત કરી હતી. હું જ્યારે કુમાર હતો ત્યારે મારા સારા દેખાવ પર ખૂબ ખુશ હતો. ત્યારે મેં માતા-પિતાની જગ્યાએ મારી છબી મૂકવાનું શરૂ કર્યું. વારંવાર હું મારા કાળા વાળથી શોભતા મારા ચહેરાને નિરખ્યા કરતો. વર્ષો બાદ મારાં લગ્ન થયાં. મારી પત્નીની છબી મૂકી. મારી પત્ની ખૂબ સુંદર હતી. હું તેની છબીને વારેવારે નિહાળ્યા કરતો.

મારે ત્યાં પ્રથમ બાળકનો જન્મ થયો ત્યારે મારા જીવનમાં નવા પ્રકરણની શરૂઆત થઈ. હું નોકરી પર થોડો મોડો જતો અને સમય પહેલાં ઘરે પાછો જતો. મારી બેગમાં મારા વહાલા બાળકની છબી જોતો રહેતો.' વાત કરતી વખતે એ વૃદ્ધ માણસની આંખમાં આંસુ છલકાયાં. એણે ફરી વાત આગળ ચલાવી અને કહ્યું, 'મારાં માતા-પિતા મૃત્યુ પામ્યાં. ગયા વર્ષે મારી પત્ની આ દુનિયા છોડી ચાલી નીકળી. મારો એકનો એક પુત્ર ખૂબ જ કામમાં રહે છે. તેને તો મારી સામે જોવાની જ ફુરસદ નથી. જીવનમાં જે બાબતો મારા હૃદયની સમીપ હતી, તે બધી દૂર-દૂર ચાલી ગઈ છે. હું હવે બેગમાં કેવળ કૃષ્ણની જ છબી રાખું છું. હવે મને મોડે મોડે સમજાયું છે કે કૃષ્ણ જ માણસનો સનાતન સખા છે. જો આ વાત મારી સમજમાં વર્ષો પહેલાં આવી ગઈ હોત તો! મેં મારા સ્વજનોને જેટલો પ્રેમ કર્યો, તેટલો જ પ્રેમ મેં કૃષ્ણને કર્યો હોત તો આજે હું આટલો એકલો ન હોત!' ટિકિટ ચેકર વૃદ્ધ માણસની વાત સાંભળીને મૌનમાં સરકી પડ્યો. એણે એ વૃદ્ધને પેલી બેગ આપી દીધી. જ્યારે ટ્રેન પછીના સ્ટેશને ઊભી રહી ત્યારે ટિકિટ ચેકર પ્લેટફોર્મ પર આવેલી પુસ્તકની દુકાને ગયો અને બોલ્યો, 'તમારી પાસે કૃષ્ણની છબી છે? મારે એ બેગમાં મૂકવી છે.' તો મિત્રો, સંસારમાં રહીને 'મોહથી મોહન'ના સત્યને સ્વીકારીએ. 'સાચો સગો મારો શામળિયો' એ હંમેશાં યાદ રાખીને સંસારમાં કમળની જેમ નિર્લેપતાથી જીવતાં જીવનનો આનંદ માણીએ. તો મોહથી મોહનની યાત્રા સંતોષથી પાર કરી શકીશું. આમ પણ મોહથી મોહન! જેમાં મોહ નથી અને છતાં પ્રેમી, રાગી જેવું જીવન જીવતાં કૃષ્ણની જેમ અનાસક્તિ કેળવીએ. એ જ પ્રાર્થના.

ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે.